# સરદાર પટેલ યુનિવર્સિટી

## ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રીની અભ્યાસ સમિતિની સભા

### કાર્યનોંધ

ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રીની અભ્યાસ સમિતિની સભા તારીખઃ૨૭/૧૨/૨૦૧૬ને મંગળવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સેનેટ ખંડમાં મળી હતી.

સભામાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહ્યા હતાઃ

| | | | |
|---|---|---|---|
| ૧. | ડૉ. વી.કે.સીન્હા | ૫. | ડૉ. નિર્મલ કે. પટેલ |
| ૨. | ડૉ. રોહીત દવે | ૬. | ડૉ. મયંક પટેલ |
| ૩. | ડૉ. મર્લિન થોમસ | ૭. | ડૉ. એમ.એમ.રાજ |
| ૪. | ડૉ. કલ્પેશ આઇ. પટેલ | | |

સભાની શરૂઆતમાં ડો. ડી.આઇ. બ્રહ્મભટ્ટ અધ્યક્ષશ્રી તરીકે આપેલ સેવાઓને બિરદાવી હતી તથા નવા નિયુક્ત થયેલ અધ્યક્ષશ્રીને સર્વે સભ્યશ્રીઓને આવકાર્યા હતા અને ત્યાર બાદ સભાનુ કામકાજ શરૂ કર્યુ હતુ.

૧. તારીખઃ૧૬/૭/૨૦૧૫ ના રોજ મળેલ ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી અભ્યાસ સમિતિની સભાની કાર્યનોંધને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ૧૬/૭/૨૦૧૫ ના રોજ મળેલ ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી અભ્યાસ સમિતિની સભાની કાર્યનોંધને બહાલી આપવામાં આવી.

૨. ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રીની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિષયો માટે ચોઇસ બેઇઝ ક્રેડિટ સિસ્ટમ અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭માં લેવાનારી તમામ અભ્યાસક્રમના તમામ સેમેસ્ટરની યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે પરીક્ષકોની યાદી મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રીની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિષયો માટે ચોઇસ બેઇઝ ક્રેડિટ સિસ્ટમ અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭માં લેવાનારી તમામ અભ્યાસક્રમના તમામ સેમેસ્ટરની યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે પરીક્ષકોની યાદી સુધારા સહિત મંજૂર કરી પરીક્ષા વિભાગમાં સુપ્રત કરવી.

૩. ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રીની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિષયોની યુનિવર્સિટી પરીક્ષાઓના પ્રશ્નપત્રો ઉપર ચર્ચા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રીની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક અને અનુસ્નાક તમામ વિષયોની યુનિવર્સિટી પરીક્ષાઓના પ્રશ્નપત્રો માળખા મુજબ મંજૂર કરવામાં આવ્યા.

૪. ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રીની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિવિધ પ્રોગ્રામમાં પ્રવેશ મેળવવા માટેના એલીજીબીલીટી ક્રાઇટેરીયા ઉપર ચર્ચા વિચારણા કરવા બાબત.

ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રીની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા વિવિધ પ્રોગ્રામોમાં પ્રવેશ મેળવવા માટેના એલીજીબીલીટી ક્રાઇટેરીયા અગાઉ મુજબ યથાવત રાખવા.

ચાલુ..

૫. ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રીની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક તથા અનુસ્નાતકના તમામ વિષયો માટે યુજીસી દ્વારા સૂચીત મોડલ કોર્ષ કરીક્યુલમને ધ્યાને લઇ ચોઇસ બેઇઝ ક્રેડિટ સિસ્ટમ અનુસાર તમામ સેમેસ્ટરના અભ્યાસક્રમો તૈયાર કરવા તથા તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮થી કરવા ચર્ચા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રીની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતકના અભ્યાસક્રમ માટે નીચે જણાવેલ કમિટી દ્વારા તથા અનુસ્નાતકના તમામ વિષયો માટે યુજીસી દ્વારા સૂચિત મોડલ કોર્ષ કરીક્યુલમને ધ્યાને લઇ ચોઇસ બેઇઝ ક્રેડિટ સિસ્ટમ અનુસાર તમામ સેમેસ્ટરના અભ્યાસક્રમો સુધારા વધારા સહિત મંજૂર કર્યા તથા તેનો શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮થી તેનો અમલ ક્રમશઃ કરવો.

**સ્નાતકના અભ્યાસક્રમ કમિટી :**

૧. ડૉ. વી.કે.સીન્હા
૨. ડૉ. મર્લિન થોમસ
૩. ડૉ. એમ.એમ.રાજ
૪. ડૉ. કલ્પેશ આઇ. પટે
૫. ડૉ. અર્ચના શાહ
૬. ડૉ. પી.એમ. પટેલ

૬. ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી વિષયમાં પીએચ.ડી. પદવી માટે નીચેના વિદ્યાર્થીએ રજૂ કરેલ મહાનિબંધનું મૂલ્યાંકન કરવા માટે પરીક્ષકની યાદી તૈયાર કરવા બાબત.

| અ. નં. | વિદ્યાર્થીનું નામ | મહાનિબંધનું શીર્ષક |
|---|---|---|
| ૧. | નિસર્ગ કે. પ્રજાપતિ | "Synthesis and characterization of hydrogels polymers and their applications in controlled drug release formulation". |
| ૨. | ચિરાગકુમાર એમ. પટેલ | "Synthesis and characterization of polyols from Agricultural Waste and its applications". |
| ૩. | અમીતકુમાર એ. બારોટ | " Chemical Recycling of Textile Waste an Eco-Friendly Approach ". |

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી વિષયમાં પીએચ.ડી. પદવી માટે ઉપરોક્ત વિદ્યાર્થીએ રજૂ કરેલ મહાનિબંધનું મૂલ્યાંકન કરવા માટે પરીક્ષકની યાદી મંજૂર કરવામાં આવી.

**અધ્યક્ષશ્રીની મંજૂરીથી નીચેની બાબત હાથ ધરવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રીની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા અનુસ્નાતક પૈકી એમ.એસસી. (પોલીમર સાયન્સ એન્ડ ટેકનોલોજી)નો અભ્યાસક્રમ મંજૂર કર્યો તથા તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮થી ક્રમશઃ કરવો.

નંબરઃ ડી/એ/૬૧૨૨(૨૪)
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ૧૧/૧/૨૦૧૭

મદદનીશ કુલસચિવ

પ્રતિઃ
ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રીની અભ્યાસ સમિતિના સર્વે સભ્યશ્રીઓ તરફ.
પરીક્ષા વિભાગ તરફ જાણ સારૂ તથા ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રીની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિષયોની પરીક્ષકોની યાદી સુધારા અર્થે ચેરમેનશ્રીને મોકલી આપવા સારૂં.
નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર યુનિવર્સિટી વેબસાઇટ (નોટીસ અને સરક્યુલર) પર મૂકવા વિનંતી.